INDIAN NATIONAL CONGRESS
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૦૯-૦૯-૨૦૨૬

# ગુજરાતના પ્રાણ પ્રશ્નોને લઈને ગાંધીનગર ખાતે કોંગ્રેસના જન આક્રોશ ધરણા

- **ગુજરાતની જનતા ભાજપના ભ્રષ્ટ શાસન, મોંઘવારી અને અણઘડ વહીવટથી ત્રસ્ત, ૨૦૨૭માં પરિવર્તન નક્કી : શ્રી અમિત ચાવડા**
- **વરસાદ ખેંચાયો છે, તાત્કાલિક અછત-દુષ્કાળ જાહેર કરો : શ્રી અમિત ચાવડા**
- **ખેડૂતો આર્થિક પાયમાલ-ચાલુ વર્ષનું બેંક ધિરાણ માફ કરો : શ્રી અમિત ચાવડા**
- **ભાજપ શાસનમાં શિક્ષણ-પરીક્ષા-પેપરલીકથી વિદ્યાર્થીઓ-વાલીઓનો સરકાર ઉપરનો વિશ્વાસ તૂટ્યો : શ્રી અમિત ચાવડા**
- **ગુજરાતમાં કાયદો-વ્યવસ્થા કથળી ગઈ છે. મહીલાઓ સુરક્ષિત નથી, હપ્તાખોરીને કારણે દારૂ-ડ્રગ્સનો બેફામ વેપાર : શ્રી અમિત ચાવડા**
- **મોંઘવારી આસમાને-ગૃહીણીઓને ઘર ચલાવવું મુશ્કેલ : શ્રી અમિત ચાવડા**
- **ડબલ એન્જીન સરકારમાં એસ.સી., એસ.ટી., માઈનોરીટી સમાજો અને મહિલાઓ ઉપર અત્યાચારો વધ્યા : શ્રી અમિત ચાવડા**
- **મહિલા સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાના મામલે સરકાર સંપૂર્ણ નિષ્ફળ : શ્રી અમિત ચાવડા**
- **ભાજપ સરકાર દ્વારા વિધાનસભાનું ટૂંકું સત્ર એ લોકશાહીની મજાક બરાબર : ડો તુષાર ચૌધરી**
- **સડકથીથી લઈને વિધાનસભા સુધી કોંગ્રેસ લોકોના પ્રશ્નોને વાચા આપી રહી છે : ડો તુષાર ચોધરી**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આજે ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી ખાતે "જન આક્રોશ ધરણાં"નું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે ગુજરાતની જનતા છેલ્લા ત્રણ દાયકાથી વધુ સમયથી ભાજપના ભ્રષ્ટ શાસન, તઘલખી નિર્ણયો અને અણઘડ વહીવટનો ભોગ બની રહી છે. મોંઘવારી, બેરોજગારી, ખેડૂતોની મુશ્કેલીઓ, શિક્ષણનું વેપારીકરણ, મહિલા સુરક્ષા અને કથળતી કાયદો-વ્યવસ્થાને લઈને ગુજરાતની જનતામાં ભારે આક્રોશ છે. મોંઘવારી માટે "૨૦૧૪માં નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બન્યા ત્યારે મોંઘવારી ઘટાડવાના અને સામાન્ય માણસને રાહત આપવાના મોટા મોટા વાયદા કરવામાં આવ્યા હતા. આજે ત્રણ ટર્મ વડાપ્રધાન બની ગયા છતાં સામાન્ય માણસને મોંઘવારીમાંથી કોઈ રાહત મળી નથી. ખાંડથી લઈને જીવનજરૂરિયાતની દરેક વસ્તુ મોંઘી થઈ છે. રસોડાનું બજેટ ખોરવાઈ ગયું છે, શિક્ષણ અને આરોગ્યનો ખર્ચ વધી રહ્યો છે અને સામાન્ય પરિવાર માટે ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે. ભાજપની સરકાર પ્રચાર અને જાહેરાતોમાં વ્યસ્ત છે, પરંતુ મોંઘવારીના મારથી પીડાતી જનતાને રાહત આપવાનું સરકારને યાદ નથી."

શ્રી અમિત ચાવડાએ ભાજપ પર કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે, "એક સમયે ભાજપના લોકો ચાય પે ચર્ચા કરવા જતા હતા, પરંતુ હવે ચાય પે ચર્ચા કરવા જતા નથી. કારણ કે ચાય પે ચર્ચા કરતાં ચીની પે ચર્ચા થઈ જાય છે. જનતા મોંઘવારીનો પ્રશ્ન પૂછે ત્યારે ભાજપ પાસે કોઈ જવાબ નથી."

યુવાનોના રોજગારના મુદ્દે શ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, "ગુજરાતનો યુવાન આજે હાથમાં ડિગ્રી લઈને રોજગારની શોધમાં ભટકી રહ્યો છે. સરકારી ભરતીમાં વિલંબ, પરીક્ષાઓની અનિશ્ચિતતા અને રોજગારની પૂરતી તકોના અભાવે યુવાનોમાં ભારે નિરાશા છે. યુવાનોના ભવિષ્ય સાથે ચેડાં કરીને માત્ર જાહેરાતો અને આંકડાઓ બતાવવાથી રોજગાર ઊભો થતો નથી. ગુજરાતના યુવાનોને ભાષણ નહીં, સ્થાયી રોજગાર અને પોતાના પગ પર ઊભા થવાની તક જોઈએ."

"એક તરફ સરકાર યુવાનોને રોજગાર આપવાની વાત કરે છે અને બીજી તરફ શિક્ષણ સતત મોંઘું બની રહ્યું છે. શિક્ષણ સેવા હોવું જોઈએ, વેપાર નહીં. આજે શિક્ષણનું વેપારીકરણ એટલી હદે વધી રહ્યું છે કે સામાન્ય અને મધ્યમવર્ગના પરિવાર માટે પોતાના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું પણ આર્થિક બોજ બની ગયું છે. સરકારની જવાબદારી છે કે દરેક બાળકને ગુણવત્તાયુક્ત અને પરવડે તેવું શિક્ષણ મળે."

ખેડૂતોની સ્થિતિ અંગે શ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, "ગુજરાતનો જગતનો તાત આજે ચારે બાજુથી મુશ્કેલીમાં છે. મોંઘું ખાતર, મોંઘું બિયારણ, મોંઘા જંતુનાશક અને ખેતીના વધતા ખર્ચે ખેડૂતોની આર્થિક કમર તોડી નાખી છે. એક તરફ ખેતીનો ખર્ચ સતત વધી રહ્યો છે અને બીજી તરફ પાકના યોગ્ય ભાવ મળતા નથી. ક્યારેક અતિવૃષ્ટિ, ક્યારેક કમોસમી વરસાદ અને હવે અનેક વિસ્તારોમાં લાંબો કોરો સમય-આ તમામ પરિસ્થિતિમાં ખેડૂત મુશ્કેલીમાં મુકાયો છે."

"ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદની અછતના કારણે દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ છે. ખેડૂત આકાશ સામે જોઈ રહ્યો છે, પાક સુકાઈ રહ્યો છે અને ખેતમજૂરોને રોજીરોટી મળી રહી નથી. સરકાર તાત્કાલિક વાસ્તવિક સર્વે કરાવે અને જ્યાં અછતની સ્થિતિ છે તે તમામ વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરે."

"ખેડૂતોનું ચાલુ વર્ષનું પાક ધિરાણ અને ચાલુ વર્ષનું વીજબીલ સંપૂર્ણપણે માફ કરવામાં આવે. ખેડૂતો તથા ખેતમજૂરો માટે તાત્કાલિક રાહતકામો શરૂ કરવામાં આવે અને અસરગ્રસ્ત વિસ્તારોમાં વિશેષ ખેડૂત રાહત પેકેજ જાહેર કરવામાં આવે."

શ્રી અમિત ચાવડાએ પશુપાલકોની મુશ્કેલી અંગે જણાવ્યું હતું કે, "દુષ્કાળ માત્ર ખેડૂતની સમસ્યા નથી. પશુપાલકો પણ આજે ગંભીર સંકટમાં છે. પશુઓ માટે ઘાસચારો અને પાણીની વ્યવસ્થા કરવી સરકારની જવાબદારી છે. દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં નિયમ મુજબ ૭ કિલોમીટરની ત્રિજ્યામાં ઘાસચારા વિતરણ કેન્દ્રો ખોલવામાં આવે અને જરૂરિયાતવાળા વિસ્તારોમાં પાંજરાપોળની વ્યવસ્થા કરવામાં આવે."

"ખેતરમાં કામ નહીં હોય તો ખેતમજૂરને રોજગાર ક્યાંથી મળશે? ખેડૂતની ખેતી બચાવવી એટલે ખેતમજૂરની રોજીરોટી બચાવવી. તેથી અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક રાહતકામો શરૂ કરવામાં આવે, જેથી ખેડૂતો, ખેતમજૂરો અને નાના રોજમદારોને રોજીરોટી મળી શકે."

મહિલા સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાના મુદ્દે સરકારને ઘેરતા શ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, "ગુજરાતમાં મહિલાઓ અને દીકરીઓની સુરક્ષા અંગે સરકાર મોટા મોટા દાવા કરે છે, પરંતુ જમીન પરની હકીકત ચિંતાજનક છે. મહિલાઓ સામેના ગુનાઓ અને હિંસાની ઘટનાઓ સામે અસરકારક રોકથામ કરવામાં સરકાર નિષ્ફળ રહી છે. માત્ર હેલ્પલાઈન અને યોજનાઓ જાહેર કરવાથી મહિલા સુરક્ષિત બની જતી નથી. મહિલાને રસ્તા પર, કામના સ્થળે, જાહેર પરિવહનમાં અને પોતાના ઘરમાં સુરક્ષાની લાગણી થાય તે સરકારની જવાબદારી છે."

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "કાયદો અને વ્યવસ્થા સરકારની પ્રથમ જવાબદારી છે, પરંતુ ગુજરાતમાં સામાન્ય નાગરિકમાં અસુરક્ષાની લાગણી વધી રહી છે. ગુનેગારો સામે કડક અને સમયસર કાર્યવાહી થાય અને સામાન્ય નાગરિકને સુરક્ષાની ખાતરી મળે તે માટે સરકારે નક્કર કામગીરી કરવી પડશે. મહિલા સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાના મામલે આ સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે."

ભાજપા સરકારના નેતૃત્વ પર પ્રહાર કરતાં અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, "એક તરફ ગુજરાતનો ખેડૂત પોતાના ખેતરમાં વરસાદની રાહ જોઈ રહ્યો છે, બીજી તરફ મુખ્યમંત્રી ક્યારેક દિલ્હી તો ક્યારેક વિદેશના પ્રવાસમાં જોવા મળે છે અને નાયબ મુખ્યમંત્રી રીલ્સ બનાવવામાં વ્યસ્ત જોવા મળે છે. સરકારને કહેવા માંગીએ છીએ-પ્રવાસ કરો, પ્રચાર કરો, રીલ્સ બનાવો, પરંતુ પહેલાં ગુજરાતના ખેડૂતના ખેતરે જાઓ. તેની આંખોમાં રહેલી ચિંતા જુઓ, તેની જમીનની સ્થિતિ જુઓ અને તેની પીડા અનુભવો."

"ગુજરાતની જનતા હવે માત્ર જાહેરાતો સાંભળવા તૈયાર નથી. જનતાને મોંઘવારીમાંથી રાહત જોઈએ છે, ખેડૂતને પાક અને ખેતીની સુરક્ષા જોઈએ છે, ખેતમજૂરને રોજીરોટી જોઈએ છે, યુવાનને રોજગાર જોઈએ છે, વિદ્યાર્થીઓને પરવડે તેવું શિક્ષણ જોઈએ છે, પશુપાલકને ઘાસચારો જોઈએ છે અને મહિલાઓને સુરક્ષા તથા સામાન્ય નાગરિકને કાયદો-વ્યવસ્થાની ખાતરી જોઈએ છે."

શ્રી અમિત ચાવડાએ કોંગ્રેસના કાર્યકર્તાઓને આહવાન કરતાં જણાવ્યું હતું કે, "હવે દરેક કોંગ્રેસ કાર્યકર્તાએ ઘર-ઘર અને ગામડે-ગામડે જવાનું છે. લોકો સાથે સીધો સંપર્ક કરવાનો છે, તેમની સમસ્યાઓ સાંભળવાની છે અને ભાજપ સરકારની નિષ્ફળતા જનતા સમક્ષ ઉજાગર કરવાની છે. યુવાનો, ખેડૂતો, મહિલાઓ, ગરીબો અને મધ્યમવર્ગના પ્રશ્નોને લઈને લોકો વચ્ચે જઈને ભાજપના શાસનનો હિસાબ માંગવાનો છે."

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ જન આક્રોશ ધરણા દરમિયાન જણાવ્યું હતું કે, ભાજપ સરકાર મોટી મોટી વાતો કરે છે પણ, પ્રજાના પ્રશ્નોની ચર્ચા માટે માત્ર ત્રણ દિવસનું સત્ર બોલાવે છે. ચર્ચાથી ભાજપ સરકાર ભાગી રહી છે.

યુવાનોને રોજગારી, શિક્ષણનો અધિકાર, મોંઘવારી, મહિલા સુરક્ષા, ખેડુતોના પ્રશ્નો અંગે વિધાનસભામાં ચર્ચા થવી જોઈએ. કોંગ્રેસ પક્ષના ધારાસભ્ય દ્વારા નોટીસ આપી છે. અનુસુચિત જાતિ (SC), અનુસુચિત જનજાતિ (ST) પર અત્યાચારમાં સતત વધારો થઈ રહ્યો છે જે ચિંતાનો વિષય છે.

કોંગ્રેસની મુખ્ય માગણીઓ છે કે,

જન આક્રોશ ધરણાંના કાર્યક્રમમાં કોંગ્રેસે રાજ્ય સરકાર સમક્ષ નીચેની મુખ્ય માગણીઓ કરી હતી :

- જ્યાં જ્યાં વરસાદની અછત અને અછતના માપદંડો મુજબ પરિસ્થિતિ ગંભીર છે તે તમામ જિલ્લા-તાલુકાઓને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે.
- દુષ્કાળગ્રસ્ત વિસ્તારો માટે તાત્કાલિક વિશેષ ખેડૂત રાહત પેકેજ જાહેર કરવામાં આવે.
- ખેડૂતોનું ચાલુ વર્ષનું પાક ધિરાણ સંપૂર્ણપણે માફ કરવામાં આવે.
- ખેડૂતોનું ચાલુ વર્ષનું વીજબીલ સંપૂર્ણપણે માફ કરવામાં આવે.
- ખેડૂતો, ખેતમજૂરો અને નાના રોજમદારોની રોજીરોટી માટે તાત્કાલિક રાહતકામો શરૂ કરવામાં આવે.
- દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં નિયમ મુજબ ૭ કિ.મી.ની ત્રિજ્યામાં ઘાસચારા વિતરણ કેન્દ્રો ખોલવામાં આવે.
- પશુઓ માટે પૂરતો ઘાસચારો અને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવામાં આવે તથા જરૂરિયાતવાળા વિસ્તારોમાં પાંજરાપોળ શરૂ કરવામાં આવે.
- ગામડાં તથા નગરપાલિકા વિસ્તારોમાં નિયમિત અને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવામાં આવે.
- ખેડૂતોને ખેતીના વધતા ખર્ચ સામે રાહત આપવા તથા પાકના પોષણક્ષમ ભાવ મળે તે માટે અસરકારક પગલાં લેવામાં આવે.

- યુવાનો માટે સરકારી ભરતી પ્રક્રિયા ઝડપી બનાવી ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવામાં આવે તથા રોજગારની નવી તકો ઊભી કરવામાં આવે.
- શિક્ષણના વેપારીકરણને અટકાવી સામાન્ય અને મધ્યમવર્ગના પરિવારોને પરવડે તેવું ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવામાં આવે.
- મહિલાઓ અને દીકરીઓની સુરક્ષા માટે અસરકારક વ્યવસ્થા તથા ઝડપી અને કડક કાર્યવાહી સુનિશ્ચિત કરવામાં આવે.
- ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત કરવામાં આવે અને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે.
- મોંઘવારીના મારથી પીડાતી જનતાને તાત્કાલિક રાહત આપવામાં આવે અને જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ નિયંત્રણ માટે નક્કર પગલાં લેવામાં આવે.
- SC, ST અને OBC સમાજને થતો અન્યાય દૂર કરવામાં આવે

શિક્ષણ, આરોગ્ય, રોજગાર, મહિલા સુરક્ષા, ખેડૂત અને સામાન્ય નાગરિકના પ્રશ્નો અંગે માત્ર જાહેરાતો નહીં, પરંતુ સમયબદ્ધ અને જમીન પર દેખાય તેવી કામગીરી કરવામાં આવે.

ખેડૂત બચશે તો ખેતી બચશે, ખેતી બચશે તો ગામડું બચશે અને ગામડું બચશે તો ગુજરાત બચશે. યુવાનનું ભવિષ્ય બચશે તો ગુજરાતનું ભવિષ્ય બચશે. આજે ગુજરાતની જનતા ભાજપ સરકારના શાસનથી કંટાળી ગઈ છે અને પરિવર્તનનો નિર્ણય કરી ચૂકી છે. ૨૦૨૭માં ગુજરાતની પ્રજા ભાજપને હરાવશે અને કોંગ્રેસને સત્તાના માધ્યમથી ગુજરાતની સેવા કરવાની તક આપશે આ નક્કી છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજિત ગાંધીનગર ખાતે "જન આક્રોશ ધરણા" માં અખિલ ભારતીય કોંગ્રેસ કાર્યકારણી સમિતિના સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર, કોંગ્રેસ ચૂંટણી સમિતિના સભ્ય ડૉ. અમીબેન યાજ્ઞિક, વરિષ્ઠ નેતાશ્રી મધુસુદન મિસ્ત્રી, કોંગ્રેસ સેવાદળના પૂર્વ અધ્યક્ષશ્રી લાલજીભાઈ દેસાઈ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી જિગ્નેશ મેવાણી, ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, પૂર્વ મેયરશ્રી હિંમતસિંહ પટેલ, ધારાસભ્યશ્રીઓ, શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, સાંસદશ્રી, એન.એસ.યુ.આઈ., યુવા કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, સેવાદળ સહિત સેલ ડીપાર્ટમેન્ટના અધ્યક્ષશ્રીઓ, સમગ્ર રાજ્યમાંથી કાર્યકરો-આગેવાનો-પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાજપ સરકારની જન વિરોધી નિતિઓ-ભ્રષ્ટ નિતીરીતિ સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

હેમાંગ મહીપતરામ રાવલ
મીડિયા કોઓર્ડીનેટર અને પ્રવક્તા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
૯૮૯૮૨૩૩૦૩૮